# ☆ પ્રસ્તાવના ☆

**અઝ :– હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી**
**(ખતીબો ઈમામ મસ્જિદે રઝા–બ્લેકબર્ન,યુ.કે.)**

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

નહ્મદુહૂ વનુસલ્લી અલા રસૂલિહિલ કરીમ

વર્તમાન યુગમાં મુસ્લિમોની હાલત અને મુસ્લિમો જે સંજોગોથી પસાર થઈ રહયા છે તે ગુપ્ત નથી. ઠેર ઠેર તબાહી તથા બરબાદી અને મુસીબતોમાં જકડાએલા જોવા મળે છે. જ્યારે કે ભૂતકાળમાં આપણા પૂર્વજ બુઝુર્ગો દરેક ક્ષેત્રે કામયાબ હતા. કાફિરો તથા મુશ્રિકો તેઓનું નામ સાંભળતાં જ ધ્રુજી જતા હતા. એ કયા કારણો અને સબબો છે જેના લઈને તેઓ કામયાબ અને સફર હતા અને એ કયા કારણો છે જેના લઈને આપણે તબાહી અને બરબાદીના શિકાર છીએ. તો આ કિતાબ જે તમારા હાથોમાં છે જેને ઉસ્તાદુલ ઉલ્મા હઝરત શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષે મુરાદાબાદી હાફિઝે મિલ્લત (અલયહિર્રહ્મહ્)એ લખેલી છે. જેમાં અસ્લાફની કામયાબી તથા સફળતાનાં કારણો દર્શાવેલાં છે. હુઝૂર હાફિઝે મિલ્લત આપણી તબાહી તથા બરબાદીના કારણોમાં જણાવે છે કે આજે કુર્આન તથા હદીષ પર આપણે અમલો છોડી દીધા છે જ્યારે કે કામયાબી પ્રાપ્ત કરવા માટે કુર્આન તથા હદીષ પર અમલ અનિવાર્ય છે.

## ☆ કુર્આનનો આપણને આદેશ ☆

હઝરત ફરમાવે છે કે કુર્આને આપણને આદેશ અર્પણ કર્યો હતો કે જો દુનિયા અને આખેરતમાં કામયાબી પ્રાપ્ત કરવી હોય તો આ ઉસૂલો (સિદ્ધાંતો) પર અમલ જરૂરી છે. તવક્કુલ માત્ર અલ્લાહ અઝ્ઝ વ જલ્લ પર ભરોસો, સબ્ર અને ખૌફે ખુદા અઝ્ઝ વ જલ્લ એટલે કે દરેક પળે અલ્લાહ અઝ્ઝ વ જલ્લથી બ્હીવું. આ ઉસૂલો





(સિદ્ધાંતો) છે જેના પર અમલ કરી મુસ્લિમ કૌમ કામયાબ થઈ શકે છે. અને હઝરત ફર્માવે છે કે કુર્આન અને કુર્આન પર અમલ કરનાર એહલે બૈતનો દામન મજબૂતીથી પકડવો મુસ્લિમ કૌમની કાયાબીની ઝમાનત છે.

આ કિતાબની જરૂરત અનુભવતાં તેને ગુજરાતીમાં અનુવાદ કરવા માટે હઝરત મૌલાના ફારૂક સાહબ ફાઝિલે દારુલ ઉલૂમ શાહે આલમ (અમદાવાદ)ની ખિદમતમાં અર્ઝ કરી. હઝરતે સવાબનું કાર્ય સમજતાં આ કામ શરૂ કરી આપ્યું અને ટૂંક સમયમાં પૂર્ણ કર્યું જેને હવે ગુજરાતીમાં કિતાબ રૂપે તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ.

ઉમ્મીદ છે કે આ કિતાબને વાંચીને એના પર અમલ કરવાની કોશિશ કરશો. અંતમાં દુઆ છે કે અલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) હઝરત મૌલાનાને બન્નેવ જહાન કામયાબી આપે અને આપણા સર્વેનો ઈમાન પર ખાતમો કરે. આમીન...

**–મોહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી (કુરચનવી)**

**આલમી સુન્ની તેહરીક**

**સુન્ની દા'વતે ઈસ્લામીથી જોડાઈ જાવ !!**

પ્રસ્તુત કિતાબ જે નિયમો પર ચાલવા પ્રેરણા આપે છે એ જ કુર્આની આદેશો કૌમે મુસ્લિમની ભલાઈનો કોઈ વિકલ્પ વિનાનો ઝરીયો છે અને તે જ માર્ગે ચાલવા મુસલમાનોને પ્રોત્સાહિત કરતી આલમી તેહરીક **''સુન્ની દા'વતે ઈસ્લામી''**ની શાખા તમારા ત્યાં સ્થાપો, સુન્નતો શીખો, મસાઈલ શીખો, દીન શીખો અને અન્યોને પ્રેમપૂર્વક શીખવાડી તમારા ઘરનો, મહોલ્લાનો તથા શહેરના માહોલને ઈસ્લામી માહોલ બનાવો. ઈશ્કે નબી (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ) થી દિલોને સજાવો.

**★ સંપર્ક કરો ★**

(મર્કઝ) ઈસ્માઈલ હબીબ મસ્જિદ, મોહંમદ અલી રોડ–મુંબઈ.

(દર શનિવારે મર્કઝ પર હપ્તાવારી ઈજતેમામાં હાજરી આપો.)

# અનુવાદકની કલમે....

**કામ વો લે લીજીયે તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમપે કરોરોં દુરૂદ.**

અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન, વલ, આકિબતુ લિલ મુત્તકીન, વસ્સલાતુ વસ્સલામુ અલા સાહિબિત્તાજે, વલ મેઅરાજે, વલ બુરાકે વલ અલમ, સૈય્યેદિલ મુર્સલિન ખાતેમિન્નબીય્યીન વઅલા આલિહી વ અસ્હાબિહી વ એહલે બયતિહી અજમઈન.

ઘણા સમયથી મારા દિલો દિમાગમાં આ વાત વારંવાર ઉપજતી હતી કે મારા સુન્ની ભાઈઓને ગુજરાતીમાં કોઈ પણ કિતાબનો અનુવાદ કરી ભેટ અર્પણ કરું પણ કાગળ અને પેન હાથમાં આવતાં જ વિચારો છીન્ન ભિન્ન થઈ જતા અને ઉદાસ થઈ કામ હાથમાં લેવા પીછે હઠ કરતો.

આજ વિચારોમાં સમય પસાર થતો ગયો અને એક દિવસ જનાબ મોહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી સાહેબ સાથે આ બાબતે ચર્ચા થઈ અને તેમાં મૌલાના સાહેબે મને ઘણા જ દબાણ સાથે આ કામ કરવા વિનંતી કરી અને કહયું કે મૌલાના તમે કોશિશ કરો તો આ કામ કરી શકો છો, કારણ કે મને ખબર મળી છે કે તમે જ્યારે દારૂલ ઉલૂમ શાહે આલમ અમદાવાદમાં હતા તે સમય 'તયબાહ' માસિકમાં તમે લેખક આપતા હતા, જેથી મને પૂરી ઉમ્મીદ છે કે તમે આ કામ શરૂ કરો અને આપણા સુન્ની આલમને કંઈક ભેટ આપો.

આ તો એક ચર્ચા જ હતી પણ મૌલાના નિઝામુદ્દીન સાહેબે આ ચર્ચા યાદ રાખી અને તેને અમલી સ્વરૂપ આપવા મારી પાસે હુઝૂર હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ (અલૈહિર્રહ્મહ્)ની ઘણી જ સુંદર અને મહત્વની પુસ્તિકા **''ઈર્શાદાતે કુર્આન''** જે અસલ ઉર્દૂ ભાષામાં છે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરવા રવાના કરી.

**''ઈર્શાદાતે કુર્આન''** પુસ્તિકા હાથમાં આવતાંની સાથે મારી નઝર પુસ્તિકાના મુખ્ય લેખકના શુભનામ ઉપર પડી, કે તરત જ હું વિચારમાં





પડી ગયો અને ખયાલોની દુનિયામાં ગુમ થઈ ગયો, કારણ કે આ પુસ્તિકા કોઈ નાની સુની અથવા તો ગુમનામ વ્યકિત જેનું કાંઈ નામ નિશાન ન હોય તેવી વ્યકિતના હાથની લખેલ ન હતી ! આજે પણ અને કયામત સુધી દુન્યાએ સુન્નીયત જેમના નામ અને કાર્યોથી પરીચિત રહેશે અને જેમનું નામ ઝબાન પર આવતાંની સાથે દિલો દિમાગ દુનિયાની અને સુન્ની જગતની અજોડ ઈસ્લામિક યુનિર્વસિટી અલ–જામેઅતુલ અશરફિયા (મુબારકપુર, આઝમગઢ, યુ.પી.) તરફ ખેંચવા લાગે છે. એ જ જામિઆ અશરફિયા ખાતે આ મર્દે મુજાહિદનાં ૪૦ થી વધુ કિંમતી વર્ષ ખૂન પસીનો એક કરી દીનની ખિદમતમાં પસાર થયાં. જે વ્યકિતની એક એક પલ તથા દરેક સાંસ સુન્નીયત અને દીન માટે વકફ હતી, જેમનો ઉદ્દેશ હતો ''ઝમીન કે ઉપર કામ–ઝમીન કે નીચે આરામ !'' ખરેખર આ વાત પર અટલ અને પાબંદ રહી જામિઆ અશ્રફિયહ્ જેવી એક અજોડ ભેટ સુન્ની જગતને અપર્ણ કરી. મારી જેવો કમતર અને કમ ઈલ્મ એમના મહાન ઈલ્મની પ્રશંસા કઈ રીતે કરશે ! જયારે સુન્નીયતના મહાન ઉલ્માએ કિરામ જેવા કે સૈય્યદુલ ઉલ્મા હુઝૂર સૈય્યદ આલે મુસ્તફા, હુઝૂર મુફતીએ આ'ઝમે હિન્દ મુસ્તફા રઝાખાં, હુઝૂર મોહદ્દિષે આ'ઝમે હિન્દ, હુઝૂર મુજાહિદે મિલ્લત, હુઝૂર અલ્લામા ખતીબે મશ્રિક મુશ્તાક અહમદ નિઝામી (અલયહિમુર્રહમહ્) જેવી વ્યકિતઓની ઝુબાન પર હુઝૂર હાફિઝે મિલ્લતના ગુણ તથા કામની પ્રશંસા થતી હતી.

આવી મહાન વ્યકિતના લખાણને બીજી ભાષામાં ફેરવવું મારી જેવા કમ ઈલ્મ માટે આસાન ન હતું. કારણ આ પુસ્તિકા જોવામાં ઘણી જ નાની ગણત્રીના પેજની નજર આવે છે પણ એમાં ઉસ્તાદુલ ઉલ્મા, જલાલતુલ ઈલ્મ, હકીમુલ ઈસ્લામ, હઝરત અલ્લામા હાફિઝે મિલ્લત (અલયહિર્રહમહ્)ના ઈલ્મની એક ઝલક નજર આવે છે. હઝરતે મુસલમાનોની તબાહી અને બરબાદીના કારણો જણાવેલાં છે જે આ કિતાબનુ વાંચન કર્યા પછી ખબર પડે. આ કિતાબનો એક એક શબ્દ હાલના મુસલમાનોની તબાહી તથા બરબાદીનો નકશો ખેંચે છે એટલું જ નહીં બલ્કે આજે પણ મુસલમાનો માટે એ બરબાદીનો ઈલાજ પણ

એ કિતાબમાં જોવા મળશે.

અલ્લાહનો લાખ લાખ શુક્રો એહસાન છે. અને તેના પ્યારા હબીબ આપણા આકા વ મૌલા રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની બેપનાહ રહમત અને કરમથી અને હુઝૂર સૈય્યેદી વ આકાઈ પીરો મુર્શિદ સરકાર મુફ્તીએ આઝમે હિન્દ મુસ્તફા રઝા (રહમતુલ્લાહિ અલૈહ)ના ફૈઝે ખાસ અને હુઝૂર હાફિઝે મિલ્લતની રૂહાની નઝરથી મેં આ કિતાબ ગુજરાતીમાં અનુવાદ કરી મારા પ્રિય વાંચકોને ભેટ આપી છે.

મારા પ્રિય વાંચકોને મારી નમ્ર વિનંતિ કે ''માણસ માત્ર ભૂલને પાત્ર'' એ વાત ધ્યાનમાં રાખી આ પુસ્તિકાના અનુવાદમાં કોઈ પણ જાતની નાની મોટી ભૂલ તથા ખામી નજર આવે તો મને તે બાબત ઉદારતાની સાથે હસ્તે મુખે ખબરદાર કરી માફ કરશો તો આપનો ઉપકાર તથા મહેરબાની થશે. અને મારી જેવા કમતરના હક્કમાં દુઆ કરશો કે આ કામ નિઃસ્વાર્થપણે હું નિભાવી શકું અને સુન્નીયતની ખિદમત કરું. અંતમાં આ પુસ્તિકાનું વાંચન કરી મારા વાલિદૈન, ઉસ્તાદ અને સર્વ સુન્ની જગત માટે અને મારા હક્કમાં પણ ઈમાનની સલામતીની દુઆ કરશો.

**–મોહંમદ ફારૂક નૂરી–કંબોલ્વી (હાલ યુ.કે.)**

---

**ચાલો મુંબઈ ! ચાલો મુંબઈ ! ચાલો મુંબઈ !**

દિલોની દુનિયાને ઈશ્કે નબીની મીઠાશથી તર કરવા માટે

**આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો ત્રણ દિવસીય**

**અઝીમુશ્શાન આલમી સુન્ની ઈજતેમા**

**કબ ? :** તા. ૧૭–૧૨–૦૪ જુમ્આ બાદથી મગરિબ સુધી **ફક્ત બહેનો માટે**

તા. ૧૮ તથા ૧૯, શનિવાર સવારથી રવિવાર રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી **ફક્ત ભાઈઓ માટે**

**કહાં ? :** ઠે. વી.ટી. સ્ટેશન સામે, વાદીએ નૂર, આઝાદ મેદાન–મુંબઈ

**અદાઈ :** મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ





**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**નહ્ મદૂહુ વનુસલ્લી અલા–રસૂલિહિલ કરીમ**

*કુદરતેં ફિર સાથ હોં ફિર ફિતરતેં આઝાદ હોં,*
*બાત બસ ઈત્ની સી હૈ મુસ્લિમ તો બન જાએ કોઈ !*

**ઈસ્લામી ભાઈઓ ! અસ્સલામુ અલયકુમ !**

મુસલમાનો પર જે મુસીબતો આવી, તકલીફો પડી, જુલ્મ ઝયાદતીના પહાડો તૂટયા એ બધાને ખબર છે. જાન, માલ, ઈજ્જત આબરૂના નુકસાન સર્વે પર પ્રકાશિત છે. દરેક માણસ પોતે જ ભયનો શિકાર છે.પરેશાની,બેચૈની,ગભરાહટની દુનિયામાં હૈરાન છે, બલાઓ મુસીબતોમાં સપડાયેલો છે એનાથી બચવા પ્રયત્ન કરે છે પણ છૂટકારો મળતો નથી.

આજ ધરતી પર મુસલમાન ઘણા જ ચૈન સુકૂનથી ઈજ્જતદાર જીવન જીવતા હતા. આજ આકાશ તળે પરવરદિગારની મદદના છાંયડામાં અમ્ન, શાંતિ, તંદુરૂસ્તી અને સલામતીની ગોદમાં સંતુષ્ઠ હતા, અલ્લાહની તરફદારી સામેલ હતી, આસમાની મદદ પીઠ થાબડતી હતી.પણ આજે મુસલમાન મજબૂર છે, બેબસ છે. ગમ અને ફિકરનું પૂતળુ છે. ભય અને ડરનો શિકાર છે, જિંદગીના દિવસો બોજ બની ગયા. કોઈ તદબીર કામ નથી આવતી, આ મોટી બલાથી કોઈ પણ રસ્તે છૂટકારો મળતો નથી. શું ધરતી બદલાઈ ગઈ ? આકાશમાં પરિવર્તન થયું ?! તો પછી મુસલમાનો પર આ મોટી બલા આવવાનું કારણ શું ?

## ☆ એક સવાલ અને જવાબ ☆

આ એક સવાલ છે જેનો જવાબ માત્ર એ જ છે કે ન તો જમીન બદલાઈ ન આસમાનમાં કોઈ પરિવર્તન થયું પણ વાત એમ છે કે મુસલમાન ખૂદ બદલાઈ ગયો ! તે કારણસર અલ્લાહ તઆલાએ તેમની ઈજ્જતને ઝિલ્લતથી અને જીતને હારથી ફેરવી નાખી ! અલ્લાહની તરફદારી અને આસમાની મદદનો તેમના પર પ્રતિબંધ લાગી ગયો ! કુદરતનો કાનૂન

છેઃ**ઈન્નલ-લા-હ-લા-યુગય્યિ□-મા-બિ- કૌવમી- ન- હત્તા- યૂગય્યેરૂમા-બિ-અન-ફુસિહિમ.** *(સિપારા-૧૩,રુકૂઅ-૮,સૂરએ રઅદ)*

*ખુદાને આજ તક ઉસ કૌમ કી હાલત નહીં બદલી,*
*ન હો જિસ્કો ખયાલ આપ આપની હાલતકે બદલનેકા.*

એ સત્ય છે કે મુસલમાનોની તબાહી અને બરબાદીનું કારણ સિર્ફ અને સિર્ફ એ જ કે તેણે અલ્લાહના પ્યારા હબીબ, રહમતે આલમ, મોહંમ્મદ રસૂલુલ્લાહ (સલ્લલાહો અલયહે વસલ્લમ)નો દામન છોડી દીધો અલ્લાહના હુકમો (બંધનો)થી મોઢું ફેરવી લીધું.

**તરીકે મુસ્તફા કો છોળના હૈ વજ હે બરબાદી,**

**ઈસીસે કૌમ દુનિયા મેં હુઈ બે ઈફતેદાર અપની.**

કુર્આનનો ઈર્શાદ છે : **મા-અસા-બકુમ-મિમ્-મુસિબતીન ફબેમા-કસબત- અયદી-કુમ-વ-યઅફૂ અન કષીર.**
(પારહ-૨૫,રુકૂઅ-૫, સૂ.શૌરા.)

**અર્થ-:** તમોને જે કંઈ મુસીબતો પહોંચી તે તમારા બુરા કાર્યોનું પરિણામ છે. અને ઘણા કાર્યો તો અલ્લાહ તઆલા માફ ફર્માવે છે.

## ☆ ઈમાનનો સિધ્ધાંત ☆

મુસલમાનો ! અલ્લાહથી ડરો ! માત્ર ખુદાથી જ ડરો ! સારી રીતે યાદ રાખો કે :-

**બે હુકમે ખૂદા કે કભી ઝર્રા નહીં હિલ્તા**

**હોતી હૈ હવા બંધ તો પત્તા નહીં હિલ્તા**

જે પ્રમાણે હવા બંધ થઈ જવાથી એક પાંદડુ પણ હલતું નથી તે જ પ્રમાણે અલ્લાહના હુકમ વિના એક રજકણ પણ હરકત નથી કરતી. *-(અનુવાદક)*

યકીન રાખો ! આખી દુનિયા પર કબ્જો અલ્લાહ તઆલાની





કુદરતનો છે. એની ઈચ્છા વગર કશું જ થતુ નથી. તે જ ખાલિક તે જ માલિક, તેની જ કુદરતના હાથમાં જિંદગી અને મૌત. જેને તે મૌત આપે કોઈ જિંદગી નથી આપી શકતું અને જેને તે જિંદગી આપે કોઈ મૌત નથી આપી શકતું જેને તે ઈજ્જત આપે તેને કોઈ બદનામ નથી કરી શકતું. જેને તે ઝલીલ કરે તને કોઈ ઈજ્જત નથી આપી શકતું. મુસલમાનનું ઈમાન તો એ જ છે અને એનો મૂળ હેતુ તો એ હતો કે મુસલમાન પોતાના પરવરદિગારથી જ ડરે, તેની ઉપર જ ભરોસો રાખે, દરેક હાલતમાં તેની તરફ ધ્યાન રાખે, એના જ કરમનો સહારો લે અને તેની જ મહેરાબાનીને ઠેકાણુ બનાવે.

પરંતુ હાલત એવી છે કે મુસલમાન દુનિયા અને દુનિયાદારોનો ટેકો તલાશ કરે અને તેમની મહેરબાની ઢુંઢે છે, સર્વ દુનિયાના પાલનહાર માલિકની બારગાહમાં નથી ઝુકતો. એ જ કારણ છે કે કોઈ તદબીર કામ નથી આવતી, કોઈ પણ કોશિશ કામયાબ નથી બનતી, આખરે મુસલમાન પોતાના મકસદ અને ધ્યેયથી દૂર અને દૂર થઈ રહયો છે. કેમ ?

**ગલત રવી સે મનાઝિલ કા બોઝ બળ્હતા હૈ,**

**મુસાફિરો રવિશે કારવાં બદલ ડાલો !**

**જગા જગા કે તુમ્હે થક ચુકે હૈ હંગામેં**

**નિશાતો લઝ્ઝતે ખ્વાબે ગિરાં બદલ ડાલો**

**સફીના જાકે કિનારે સે લગ તો સકતા હૈ**

**હવા કે રૂખપે ચલો બાદ બાં બદલ ડાલો**

મુસલમાનો ! તમારી હવાની દિશા તે જ ગુંબદે ખિઝરા છે. તમારો મતલબ તે જ તાજદારે મદીના (સલ્લલાહો અલયહે વસલ્લમ) છે. તમારી મુશ્કેલીઓની આસાની તેમની નઝરે કરમ અને મુખના ઈશારાઓ પર આધારિત છે. તમારા હેતુઓની પ્રાપ્તિ તેમનુ જ શિક્ષણ અને તેના પર અમલ કરતા રહેવું છે, જેને મુસલમાન બદનસીબીથી ભૂલી બેઠો છે.

## હુઝૂર નબી કરીમ અલયહિસ્સલામતુ વસ્સલામની આખરી વસિયત

રહમતે આલમ મોહમ્મદ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)એ મુસલમાનોને આખરી વસિયત કરી હતી કે **તરક-તો-ફી-કુમુ-શ-શકલૈન-મા-ઈન-તમસ-સ-કતુમૂહોમા-લન-તદીલ્લુ-કિતાબુલ્લાહિ વ-ઈતરતી** .મેં તમારામાં બે ભારે ભરખમ વસ્તુઓ છોડી છે. જ્યાં સુધી તમે એ બંનેની સાથે લાગેલા રહેશો ત્યાં સુધી કયારેય તમે ભટકશો નહીં, એ ભારે ભરખમ વસ્તુ કુર્આન મજીદ અને મારા એહલે બૈત છે. કુર્આન મજીદ મધ્ય બિંદુ છે અને એહલે બૈયત (અમલી તફસીર) સારાંશ પર ચાલવાવાળા. કુર્આન મજીદ એક પૂરે પૂરો કાનૂન અને એહલે બૈયત ખરેખર એના પર ચાલનાર અને હાફિઝ છે. નબી કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ સોનેરી નુસ્ખો આપ્યો હતો જે મુસલમાનોની દીનો દુનિયાની કામયાબી અને દુનિયા તથા આખેરત માટે મહાન ફાયદામંદ હતો. માનવું તો એમ છે કે અલ્લાહ તબારક વ તઆલા અને તેના પ્યારા નબીના ફરમાન પછી કોઈ તજરબો કરવાની જરૂરત ન હતી ન કોઈ પરીક્ષાની, તેમ છતાં તજરબા અને હાલત ગવાહ છે કે જ્યાં સુધી મુસલમાન મજબૂતાઈથી એનો પાબંદ હતો એનુ મસ્તક ઊચું હતું.દુનિયાના ઈતિહાસમાં મુસલમાનોના ઉતાર ચઢાવનો વખત હાર અને જીતનો સમય અને અગલ બગલ જ રહેતો હતો. જ્યાં સુધી મુસલમાન કુર્આનનો પાબંદ રહેતો હતો એનું મસ્તક ઊચું રહયું અને જ્યારે કુર્આનનું શિક્ષણ ભૂલી ગયો ત્યારથી ઝલીલ થયો.વાત એક જ છે જ્યાં સુધી મુસલમાન હકીકતમાં મુસલમાન હતો એનુ મસ્તક ઊંચુ હતું અને જ્યારે મુસલમાન કેન્દ્રથી હટી ગયો ત્યારથી ઝલીલ અને બેઆબરૂ થયો.

**પહુંચેગેં લોગ ઔજે તરક્કી પે કિસ તરહ,**
**ફિતરત મેં રાસ્ત બાઝી વ ઈમાન હી નહીં.**





**સબ કહતે હૈં આહ મુસલમાન હૈં તબાહ,**
**હમ કહતે હૈં આહ મુસલમાન હી નહીં.**

### ✩ મુસલમાનની ગલત ફહમી ✩

મુસલમાનોને પોતાની ઝાતના બારામાં ગૈર સમજ છે કે એ ઘણા જ સાચા છે. અને ખરેખર પોતાને પહેલાં ઝમાનાના મુસલમાન જાણે છે.હાલત તો એ છે કે,

**રગોં મેં વો લહુ બાકી નહીં હૈ,**
**વો દિલ વો આરઝૂ બાકી નહીં હૈ.**
**નમાઝો રોઝા વ કુરબાની વ હજ્જ**
**યે સબ બાકી હૈં તૂ બાકી નહીં હૈ.**

જરા વિચારો ! એ માણસ શું મુસલમાન છે જેની સૂરત ન તો ઈસ્લામી સૂરત છે,ન એના ગુણ ઈસ્લામી ગુણ, ન એની આદતો ઈસ્લામી આદતો છે, ન એની ટેવો ઈસ્લામી ટેવો, ન એના અકીદા, ઈસ્લામી અકીદા, ન એનાં કાર્યો ઈસ્લામી કાર્યો છે, ન એના સિનામાં ઈસ્લામી જઝબાત છે, ન દિમાગમાં ઈસ્લામી ખ્યાલો ન જિગરમાં ઈસ્લામી દર્દ, ન ઝુબાન પર ઈસ્લામી સચ્ચાઈ, ન નિય્યતમાં સફાઈ-દયાનતદારી છે. આ જ પ્રમાણેના મુસલમાનોનું ચિત્ર કોઈએ નીચે પ્રમાણ દોર્યું છે :-

**વઝઅ મેં તુમ હો નસારા તો તમદ્દુન મેં હુનૂદ !**
**યે મુસલમાન હૈં જિન્હેં દેખકર શરમાએ યહૂદ !**
**યૂં તો સૈયદ ભી હો મિરઝાં ભી હો અફઘાન ભી હો,**
**તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો ?!**
**કૌન હૈ તારિકે આઈને રસૂલે મુખ્તાર,**
**મસ્લેહત વક્તકી હૈ કિસકે અમલ કા મેઅ્યાર**
**કિસકી આંખો મેં સમાયા હૈ શેઆરે અગ્યાર,**
**હો ગઈ કિસકી તગેહ તરઝે સલફ સે બેઝાર.**

**કલ્બમેં સોઝ નહીં રૂહ મેં એહસાસ નહીં,**

**કુછ ભી પૈગામે મોહમ્મદકા તુમ્હેં પાસ નહીં**

મુસલમાનો સીરત (ગુણ) માં શું સુધારણા કરે સૂરત જ બદલી નાખી! અને ત્યાં સુધી નોબત આવી કે ઓળખાણ પણ મુશ્કેલ થઈ ગઈ. ઘણો જ વિચાર કર્યા પછી પણ ફેંસલો કરવો દુશ્વાર થઈ જાય કે મિસ્ટર સાહેબ મુસલમાન છે કે ગૈર મુસ્લિમ ! જ્યાં સૂરતનો બગાડ આવો છે તો સીરતની ખરાબીનો સવાલ જ નથી રહેતો ! એમાં તો એનાથી પણ ચાર હાથ આગળ છે. પોતાની જાતને મુસલમાન તરીકે કહેવાવાળા એમના ગંદા અકીદાઓને લઈ તરહ તરહના ફિર્કાઓ (ગૃપ)માં વહેંચાઈ ગયા, શાને ઈલાહી (અલ્લાહની શાન)માં અને અને તેના પ્યારા હબીબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાનમાં ગુસ્તાખી બેઅદબી કરવી પોતાનુ ઈમાન સમજી બેઠા અને તેમાં એટલા વાદ વિવાદ ઘડી નાખ્યા જેનાથી મુસલમાનોની એકતા છિન્ન ભિન્ન થઈ ગઈ. સાચા અકીદા અને સિરાતે મુસ્તકીમ (સત્ય રાહ) પર સ્થગિત સિર્ફ એહલે સુન્નત વલ જમાઅત છે એના સિવાય બધા જ ફિર્કા ભટકેલા અને બેદીન છે. આ ગંદા અકીદાના લોકો પોતાના બાહ્ય દેખાવને ગમે એટલો શણગાર કરે તો પણ શું ફાયદો ? આ તો બહુરૂપિયાપણુ અને ધોકો છે જે ઘણો જ મોટો જુલ્મ છે. એક સાચો મુસલમાન બનવા માટે સર્વ પ્રથમ અકીદાની સુધારણા જરૂરી છે ત્યાર બાદ સારાં કાર્યો (આમાલે સ્વાલેહા) પર અટલ રહેવું બેહદ જરૂરી છે.

### ☆ મુસલમાનોની કામયાબી ☆

મુસલમાનો જાગો ! અને ગફલતની નિંદરમાંથી આંખ ખોલો ! તમારી ભલાઈ અને કામયાબીનો ભેદ એમાં જ છુપાયેલો છે કે તમે સાચા પાકા મુસલમાન બનો, તમારી કામયાબી એમાં જ છે કે તમારું જીવન ઈસ્લામી જીવન અને મૌત ઈસ્લામી મૌત હોય. તમારી સૂરત ઈસ્લામી સૂરત અને તમારી સીરત, તમારો બાહ્ય દેખાવ પણ ઈસ્લામી હોય. અને તમારું અંતર, વિચારો (બાતિન) ઈસ્લામી હોય. તમારા અકાઈદ





ઈસ્લામી અકાઈદ અને કાર્યો (અમલ) પણ ઈસ્લામી કાર્યો હોય. તમારા જઝબાત ઈસ્લામી જઝબાત હોય અને ખ્યાલો અને વિચારો પણ ઈસ્લામી હોય. તમારું સીનું ઈસ્લામી અને ઈમાનની રોશનીથી પ્રકાશિત હોય, અને તમારું બદન સારાં કાર્યોનો નમૂનો હોય, મુસીબત પર સબ્ર અને નેઅમત પર શુક્ર તમારી આદત હોય, અલ્લાહ તબારક વ તઆલા પર ભરોસો અને યકીન તમારી ખાસિયત હોય, કુર્આનની તા'લીમ પર અમલ તમારી આદત બની જાય. યાદ રાખો અને સારી પેઠે યાદ રાખો કે :–

### ☆ કુર્આન મજીદ મજબૂત બંધારણ ☆

કુર્આન મજીદ દરેક પ્રકારના અને તબકાના ઈન્સાનો માટે પૂરે પૂરી રહબરીવાળુ બંધારણ છે. બાદશાહ, વઝીર, ધનવાન, ગરીબ, ફકીર બધાં જ માટે મુકમ્મલ કાનૂન છે. આરામ અને ખુશીની ક્ષણો હોય કે તકલીફ કે મુસીબતની ઘડીઓ, ડર અને ગમનો વખત હોય કે ફિકર અને બેચૈનીનો સમય, પણ કુર્આન મજીદ હર મંઝિલ પર રસ્તાની મશાલ છે. એ તો મુસલમાનની કમનસીબી છે કે આ ધનથી મેહરૂમ છે અને એની છત્ર છાયા છોડી શિલાઓથી ટકરાય છે અને દર દર ભટકે છે. મુસલમાનો ! આવો ! અકીદત અને મહોબ્બતની સાથે આવો ! કુર્આનની બારગાહમાં હાજર થાવ ! કુર્આન મજીદ તમારા દર્દની દવા છે અને તમારા દુઃખનો ઈલાજ છે.

## મુસલમાનોની જરૂરિયાત માટે કુર્આની આદેશો

### ☆ અલ્લાહથી ડરવાનુ શિક્ષણ ☆

**આયત :–** **(૧)** હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો જેવું કે એનાથી ડરવું જોઈએ અને છેલ્લા શ્વાસ સુધી ઈસ્લામ પર અટલ રહો. (પારા–૪,સૂરએ આલે ઈમરાન)

**આયત –:** **(૨)** અલ્લાહથી ડરો ! બની શકે ત્યાં સુધી. (સિપારા–૨૮, રુકૂઅ–૧૬)

**આયત :– (૩)** હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! સાચા લોકોની સાથે થઈ જાઓ. (સિપારા–૧૧, રુકૂઅ–૪, સૂ.તૌબા)

**આયત :– (૪)** (તમારા પાલનહારનો આદેશ છે કે) મારાથી ડરો ! (સિપારા–૧, રુકૂઅ–૫)

**આયતઃ– (૫)** અને સિર્ફ મારાથી ડર રાખો. (પારા–૧, રુકૂઅ–૪)

કુર્આને મજીદમાં ઘણી જગ્યાએ ખૌફે ઈલાહી (અલ્લાહથી ડરવા)નું શિક્ષણ આપવામાં આવ્યું છે. આ વિષય પર ઘણા પ્રમાણમાં આયતોનો ઉલ્લેખ આવ્યો છે. અહીંયા સિર્ફ દસ આયતોનું વર્ણન કર્યું છે. ઉપરની પાંચ(૫) આયતોમાં ખૌફે ઈલાહી (અલ્લાહથી ડરવા)નો આદેશ છે અને ત્યાર પછી નીચે આવતી પાંચ(૫) આયતોમાં ખૌફે ઈલાહી (અલ્લાહથી ડરવાના) ફાયદાઓનું વર્ણન છે. ઉપરવાળી પાંચ(૫) આયતોમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફરમાવે છે કે, હે મારા બંદાઓ ! મારાથી ડરો ! કેવળ મારો જ ડર રાખો ! જ્યાં સુધી બની શકે મારાથી ડરો ! મારો ડર તમારી ઉપર એવો છવાઈ જાય કે તમને સિર્ફ મારો જ ડર હોય, મારા સિવાય તમને ન કોઈનો ડર હોય અને ન ગભરાટ.

ઉપરોકત આયતોનો નિચોડ એ થયો કે મુસલમાન અલ્લાહથી ડરે અને ખરેખર ડરે, સિર્ફ અલ્લાહથી ડરે, અલ્લાહ સિવાય કોઈનો ડર ન રાખે, અલ્લાહની ગૈરતને એ પસંદ નથી કે એનો બંદો એનો પૂજારી થઈ બીજાનો ડર રાખે.

**ફાયદો :–** દુનિયા અને દુનિયાની વસ્તુઓથી ડરવાનું કારણ સિર્ફ ખાલિક (જગતને પેદા કરનારા)થી નીડરતા છે. અગર મુસલમાન પોતાના પરવરદિગારથી પૂરેપૂરા ડરે તો ખૌફે ઈલાહી (અલ્લાહથી ડર)ની મહાનતા અને બરકત એમને આખી મખ્લૂક (જગત)થી નીડર બનાવી આપશે.

## ☆ ખૌફે ઈલાહી (અલ્લાહથી ડરવા)ના ફાયદા ☆

**આયત :– (૧)** હે બુધ્ધિજીવીઓ ! અલ્લાહથી ડરો ! કામયાબ બનો! (સિપારો–૭ , રુકૂઅ–૩, સૂ.માઈદહ)





**આયતઃ– (૨)** અલ્લાહથી ડરો ! અને સમજી લો ! ખરેખર ! અલ્લાહ ડરનારાઓ સાથે છે.(પારા–૨, રુકૂઅ–૮, સૂ.બકરહ્)

**આયત :– (૩)** અને જે અલ્લાહથી ડરે એનાં કાર્યોમાં આસાની ફર્માવે છે. (પારા–૨૮, રુકૂઅ–૧૭, સૂ.તલાક)

**આયત :– (૪)** જેણે અલ્લાહનો ડર રાખ્યો અલ્લાહ તેની બુરાઈઓ દૂર કરી આપશે, અને એને ઘણો સવાબ આપશે. (પારા–૨૮, રુકૂઅ–૧૭, સૂ.તલાક)

**આયત :– (૫)** અને જેણે અલ્લાહનો ડર રાખ્યો અલ્લાહ તેના માટે છૂટકારાનો રસ્તો કાઢી આપશે જ્યાં એનું ગુમાન પણ નહીં હોય.(પારા–૨૮, રુકૂઅ–૧૭, સૂ.તલાક)

ઉપરોકત પાંચ (૫) આયતોમાં ખૌફે ઈલાહી (અલ્લાહથી ડર)ના ફાયદાઓનુ વર્ણન છે. અલ્લાહનો ઈર્શાદ છે કે હે અલ્લાહના બંદાઓ ! અલ્લાહનો ખૌફે રાખો એમાં જ તમારી આસાની, કામયાબી છે, ખરેખર અલ્લાહ ડર રાખનારાઓની સાથે છે. જેણે અલ્લાહનો ડર રાખ્યો અલ્લાહ એનાં કામો હળવાં કરી આપશે, એના માટે છૂટકારાની રાહ ખોલી આપશે, એની મદદ કરશે, અને એવી જગ્યાએથી રોજી આપશે જ્યાં એનુ ગુમાન વહેમ પણ ન હોય.

**ખુલાસો :–** નિચોડ એનો એ કે ખૌફે ઈલાહીમાં મુસલમાનોની ભલાઈ અને કામયાબી છે. એમાં જ મુસલમાનોની મુશ્કિલનો હલ, અને બધી જ કઠણાઈઓની સહુલત, અને સર્વે મુસીબતો તથા તકલીફોથી છૂટકારો છે. ખૌફે ઈલાહી પર અલ્લાહની નુસરત અને અણધારી (ગૈબી) મદદનુ વચન છે, અને ખૌફે ઈલાહી પર અણધારી રોજી આપવાનુ વચન પણ છે.

**ફાયદો :–** મુસલમાનોની સરળતા અને કામયાબી ખૌફે ઈલાહી (અલ્લાહનો ડર) પર નિર્ભર છે. ખૌફે ઈલાહીથી જ મુસલમાનોની મુશ્કેલીઓનો હલ થશે, એનાથી જ મુસલમાનોની કઠણાઈઓ આસાન બનશે, ખૌફે ઈલાહીથી જ મુસલમાનોની સર્વે મુસીબતો અને તકલીફો હળવી થશે, ખૌફે ઈલાહીથી જ અલ્લાહની નુસરત અને અણધારી(ગૈબી)

મદદ મુસલમાનોની પીઠ થાબડશે, અને ખૌફે ઈલાહીથી જ અણધાર્યી રોજી મળશે.

સાવધાન ! મુસલમાનો ! ગફલતની નિદ્રામાંથી જાગો ! આંખો ખોલો ! અને કાન લગાડી તમારા પરવરદિગારનું કલામ સાંભળો ! તમારો પાલનહાર તમને એના ડરનું શિક્ષણ આપે છે અને તમને વચન આપે છે કે અગર તમે મારાથી ડરશો તો હું તમને કામયાબ કરીશ, તમારી મુશ્કેલીઓ આસાન અને કઠણાઈઓ સરળ કરીશ. બધી જ મુસીબતો તકલીફોથી નજાત આપીશ, ગૈબથી મદદ કરીશ અને બેગુમાન (તમારુ ગુમાન નહીં હોય એવી જગાએથી) રોજી પહોંચાડીશ.

## ✫ મુસલમાનો અલ્લાહથી ડરો ! ✫

મુસલમાનો ! શું તમને તમારા પરવરદિગારના આદેશ પર યકીન નથી ? શું તમને તમારા પરવરદિગારના વાયદાઓ (વચનો) પર ઈમાન નથી ? અગર છે ! તો તમારા રબથી ડરો અને તેના વચનોના હકદાર બનો. તમે મુસીબતોમાં મુશ્કેલીઓમાં સપડાયેલા છો, ડર અને ભયના શિકાર છો, ગમ તથા બેચૈનીઓમાં દમ ઘુંટી રહ્યા છો, તમને ગમો તથા ફિકરના દરિયાથી પાર લગાડવાનો અને દુઃખ દર્દના તોફાનોમાંથી છૂટકારાનો વાયદો છે. અને તમારા રબનો જે વાયદો છે તેના પર તમારું ઈમાન છે તો પછી તમારા પરવરદિગારથી કેમ નથી ડરતા ?! ડરો અને પૂરે પૂરા ડરો ! એની નાફરમાની છોડો ! જલ્દીથી છોડી સર્વે ગુનાહોથી તૌબા કરો અને એમાં જલ્દી કરો અને એહકામોનું પાલન અને પૂરે પૂરો અમલ કરો, અને પાબંદી કરો, અલ્લાહના હક્કો અને અલ્લાહના બંદાઓના હક્કો પૂરા કરો, બંનેવ જહાનના આકા અલ્લાહના પ્યારા હબીબ આપણા પ્યારા આકા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાંબરદારી અને વફાદારીનો નમૂનો બની રાજી કરો.

**હમેં લાઝિમ હૈ શહેન શાહે બત્હાકી રઝા જોઈ**
**વો હો ગએ અપને તો રહમતે પરવદિગાર અપની**

અગર તમે આ કદમ ઉઠાવ્યો તો યકીન રાખો કે અલ્લાહ તબારક વ





તઆલાનો વાયદો હક્ક છે, તમે મહાન તથા ઉચ્ચ કક્ષા અને ચોટીના શિખરો પર રહેશો. કુર્આનનો આદેશ છે :– તમે ઘણા મહાન અને ઊંચા છો શર્ત એ છે કે તમે મોમિન બનો.(પારા–૪, રુકૂઅ–૫, આલે ઈમ્રાન–૧૩૯)

**કુદરતેં ફિર સાથ હોં ફિર ફિતરતેં આઝાદ હોં,**
**બાત બસ ઈત્ની સી હૈ મુસ્લિમ તો બન જાએ કોઈ**

## ✫ તવક્કુલ(ભરોસા)નુ શિક્ષણ ✫

**આયત :– (૧)** અને ઈમાનવાળાઓએ કેવળ અલ્લાહ પર ભરોસો કરવો જોઈએ. (સિપારા–૪, રુકૂઅ–૪, સૂ.આલે ઈમ્રાન–૧૨૨)

**આયત :– (૨)** અને ભરોસો કરનારાઓએ સિર્ફ અલ્લાહ પર ભરોસો કરવો જોઈએ.(સિપારા–૧૩, રુકૂઅ–૧૪, સૂરએ ઈબ્રાહીમ, આયત–૧૨)

**આયત :–(૩)** અને અલ્લાહ પર જ ભરોસો કરો અગરો મોમિન છો. (પારા–૬, રુકૂઅ–૮,સૂ.માઈદહ–૨૩)

**આયત–: (૪)** અગર તમે અલ્લાહ પર ઈમાન લાવ્યા છો તો એના પર જ ભરોસો કરો. (સિપારા–૧૧, રુકૂઅ–૧૪, સૂ યૂનુસ, આયત–૨૩)

**આયત–: (૫)** સિર્ફ એની જ પૂજા (ઈબાદત) કરો અને એના પર જ ભરોસો કરો, તમારો રબ તમારા કાર્યોથી બેખબર નથી.(સિપારા–૧૨, રૂકૂઅ–૧૦, સૂ.હૂદ, આયત–૧૨૩)

અલ્લાહ તબારક વ તઆલા પર તવક્કુલ, એની ઝાત પર ભરોસો, એની ઉપર એ'તેમાદ ઈન્સાની દરજ્જાઓમાં ઘણો મોટો દરજ્જો છે. કુર્આન મજીદમાં ઠેક ઠેકાણે એનું શિક્ષણ આપવામાં આવેલું છે. તવક્કુલના બારામાં ઘણા જ ઈર્શાદ(આયતો) આવેલ છે. અહીંયા દસ(૧૦) આયતોનુ વર્ણન કરેલ છે. આ પાંચ આયતોમાં તવક્કુલનો હુકમ આપવામાં આવ્યો છે અને હવે પછીની પાંચ(૫) આયતોમાં

હુકમ કરવામાં આવેલ છે કે મુસલમાન એમના રબ પર જ તવક્કલ રાખે. ઈર્શાદ છે કે મુસલમાને (ઈમાનવાળાએ) અલ્લાહ તબારક વ તઆલા પર જ ભરોસો કરવો જોઈએ, એ શર્ત પણ કરેલ છે કે અગર તમે મોમિન છો, મુસલમાન છો, તો અલ્લાહ પર જ ભરોસો કરો, અને આદેશ આપ્યો કે એની પૂજા (ઈબાદત) કરો, એના પર જ ભરોસો રાખો, એ તમારા કાર્યોથી બેખબર નથી.

ખુલાસો એનો એ થયો કે બંદો જ્યારે પોતાના રબ પર ઈમાન લાવ્યો અને મુસલમાન છે તો એણે પોતાના રબ પર ભરોસો કરવો બેહદ જરૂરી છે, અગર બંદાને એના પાલનહાર પર ભરોસો નથી તો ઈમાન શાનું ? એટલા જ માટે આદેશ આવ્યો છે કે અગર તમે મોમિન છો તો અલ્લાહ પર તવક્કુલ રાખો, કોઈ બીજા પર ભરોસો ન કરો, તે તમારાં બધાં કાર્યોથી ખબરદાર છે. તે એ જાણે છે કે તમે તમારા કામોમાં તમારા રબ પર ભરોસો કરો છો કે બીજા પર, અગર તમે તમારા દરેક કામમાં તમારા પરવરદિગાર પર જ ભરોસો કર્યો તો તમે તમારા રબના સાચા વફાદાર બંદા છો અને તેના ઈનામ અને મહેરબાનીના હકદાર છો. અગર તમે તમારા કોઈ કામમાં પણ તમારા પરવરદિગારના ગૈર(પારકા) પર ભરોસો કર્યો તો તમે મુજરિમ છો. આપણા રબ પર ભરોસો કર્યા પછી કોઈ ગૈર પર ભરોસો કરવો મહાન ગુનો છે.

## ✰ તવક્કુલના ફાયદા ✰

**આયત :–** **(૧)** અને જે અલ્લાહ પર ભરોસો કરે તેને અલ્લાહ કાફી છે. (સિપારા–૨૮, રુકૂઅ–૨૪, સૂરએ તલાક, આયત–૩)

**આયત :–** **(૨)** કહી આપો મને અલ્લાહ કાફી છે, ભરોસાવાળા એનો ભરોસો કરે છે. (સિપારા–૨૪, રુકૂઅ–૧, સૂરએ ઝુમર)

**આયત :–** **(૩)** અને અલ્લાહ પર ભરોસો રાખો અલ્લાહ કાફી છે. કામો કઢવાવાળો. (સિપારા–૨૧, રુકૂઅ–૧૭, સૂરહ અહઝાબ)

**આયત–:** **(૪)** જ્યારે કામનો ઈરાદો કરો તો અલ્લાહ પર ભરોસો રાખો, બેશક ! અલ્લાહ ભરોસો રાખનારાઓને દોસ્ત રાખે છે. (સિપારા–૪, રુકૂઅ–૮, સૂરએ આલે ઈમ્રાન)





**આયત–:** **(૫)** બેશક ! શૈતાનનો કાબૂ એના પર નથી જે ઈમાન લાવ્યો અને પોતાના રબ પર ભરોસો કરે છે. (સિપારા–૧૪, રુકૂઅ–૧૯, સૂરએ નહલ)

## ✰ મુસલમાનો અલ્લાહ પર ભરોસો કરો ! ✰

ઉપરની પાંચ(૫) આયતોમાં અલ્લાહ તબારક વ તઆલાએ તવક્કુલના ફાયદાઓનું વર્ણન કરેલ છે. ઈર્શાદ છે કે જે અલ્લાહ પર ભરોસો કરે અલ્લાહ તેને કાફી છે. જ્યારે તમે કોઈ કામનો ઈરાદો કરો તો અલ્લાહ પર ભરોસો રાખો, બેશક ! અલ્લાહ તવક્કુલ કરનારાઓને દોસ્ત રાખે છે અને તેમના પર શૈતાનનું જોર નથી ચાલતુ. નિચોડ એ છે કે તવક્કુલ કરવાવાળાઓને અલ્લાહ કાફી છે. તે એમના બધાં કામો પાર લગાવી આપશે, દરેક મકસદમાં કામયાબ કરશે, અલ્લાહ પર તવક્કલ રાખનારા અલ્લાહના દોસ્ત છે, એમના પર શૈતાનનો કાબૂ નથી ચાલતો.

**ફાયદો :–** તવક્કુલ કરનારની અલ્લાહ તબારક વ તઆલાએ પૂરી જિમ્મેદારી લઈ લીધી છે, મકસદમાં કામયાબ કરવાનો વાયદો કરેલ છે, તેને પોતાનો દોસ્ત જાહેર કર્યો અને એ પણ ફરમાવ્યું કે શૈતાનનો ધોકો એના પર નહીં ચાલે, એનો મતલબ એ જ થયો કે અલ્લાહ પર ભરોસો રાખનારા બંનેવ જગતમાં સર બલંદ(બુઝુર્ગીવાળા તથા માન મોભાવાળા) છે. દુનિયા તથા આખેરત બંને જગતના બધા મકસદોમાં કામયાબ છે. મોટામાં મોટી નેઅમત એ છે કે તે અલ્લાહનો પ્યારો છે.

**મુસલમાનો ! :–** વિચાર કરો અને બુધ્ધિ કસો કે અલ્લાહ તબારક વ તઆલા જેની જિમ્મેદારી અપનાવી લે, જેની કામયાબીનું વચન આપે, જેને પોતાનો પ્યારો બનાવે, તો શું તે કોઈ મકસદમાં નાકામ થઈ શકે છે ! કદાપિ નહીં ! પરંતુ તે માણસ દુનિયા અને આખેરત બંનેવ જગતના બધા જ મકસદોમાં જરૂર કામયાબ થશે, અલ્લાહનો વાયદો છે.

જેથી હે મુસલમાનો ! અગર તમે પૂરે પૂરી કામયાબી ચાહો છો અને બંનેવ જગતમાં માન મરતબાના ખ્વાહિશમંદ છો તો તમારા રબ

પર ભરોસો કરો અને એના પર જ એ'તેમાદ રાખો, તમે કામયાબ થશો અને જરૂર જરૂર કામયાબ થશો.

## ☆ સબ્રનું શિક્ષણ ☆

**સબ્રની તાલીમ(શિક્ષણ)ને અનુલક્ષીને કુર્આનનો આદેશ**

**આયત-: (૧)** સબર કરો અને સહી સબર કરો. (સિપારા-૨૯, રુકૂઅ-૭, આયત, સૂરએ મઆરિજ)

**આયત-: (૨)** સબર કરો જેવી રીતે મહાન પૈગમ્બરોએ સબર કર્યો. (સિપારહ- ૨૬, રુકૂઅ-૪, સૂરએ અહકાફ)

**આયત-: (૩)** સબર કરો, બેશક ! અલ્લાહનું વચન હક્ક છે. (સિપારહ- ૨૧,ઢકૂઅ-૯, સૂરએ લુકમાન)

**આયત-: (૪)** અને સબર કરો, બેશક ! અલ્લાહ એના મુખ્લિસ દોસ્તોની મેહનત બરબાદ નથી કરતો. (સિપારહ-૧૨, રુકૂઅ-૧૦, સૂરએ હૂદ)

**આયત-: (૫)** અને તમારા રબના હુકમ પર સબર કરો, બેશક ! તમે મારી હિફાઝતમાં છો. (સિપારહ-૨૭, રુકૂઅ-૪, સૂરએ-નજમ)

સબર પણ માણસના દરજજાઓમાં એક મોટો દરજજો છે અને ઈન્સાનની ખાસિયતોમાં એક મોટી ખાસિયત છે. સબરનો અર્થ નફસ(જીવ)ને એવી વસ્તુઓથી રોકવી જેને તે પસંદ નથી. સબરના ત્રણ(૩) પ્રકાર છે :-

**(૧) સબ્ર અનિલ મઆસી - ગુનાહોથી બચવું.**

**(૨) સબ્ર અલત્તાઅત - અલ્લાહની બંદગી પર અટલ રહેવું.**

**(૩) સબ્ર અલલ બલાઅ્ - મુસીબતો વેઠવી.**

કુર્આન મજીદમાં સબરની તા'લીમનો સબક આપતી ઘણી આયતોનો ઉલ્લેખ છે. અહીંયા સિર્ફ દસ(૧૦) આયતોનું વર્ણન કરેલ છે. ઉપરની પાંચ(૫) આયતોમાં અલ્લાહ તબારક વ તઆલાએ સબરનો હુકમ





આપેલ છે અને ત્યાર પછીની પાંચ(૫) આયતોમાં સબરના ફાયદા જણાવેલા છે. ઉપરોકત પાંચ(૫) આયતોમાં ઈર્શાદ છે : સબર કરો જેને સબર કહે છે તે, અને એ પ્રમાણે સબર કરો અલ્લાહના પવિત્ર મહાન દરજજાના રસૂલોએ સબર કર્યો, જેમને ઉલુલ્ અઝ્મ કહેવામાં આવે છે. સબર કરો ! બેશક ! અલ્લાહનો વાયદો હક્ક છે. સબર કરો ! બેશક ! અલ્લાહ એના મુખ્લિસ બંદાઓની મેહનત બરબાદ નથી કરતો.

નિચોડ એનો એ થયો કે અલ્લાહ તબારક વ તઆલાએ એના બંદાઓને સબરનો આદેશ આપ્યો કે હે મારા બંદાઓ ! સબર કરો ! અને એવો સબર જે મારા મહાન રસૂલોએ કર્યો, મારો વાયદો અટલ છે કે સબર કરવાવાળા જરૂર એનું ફળ પામશે.

ઉપરોકત આયતોમાં સબરના ત્રણે પ્રકાર વર્ણાવેલા છે. સાબિર એ જ છે જે સબરના ત્રણે પ્રકાર પર પૂરે પૂરો અમલ કરે.

**(૧)** સબરનો પહેલો પ્રકાર ગુનાહોથી બચવું. મતલબ એ કે પરવરદિગારની આજ્ઞાનું પાલન કરો, ખરાબ કાર્યો છોડી આપો, જેમ કે જૂઠુ બોલવું, ચોરી કરવી, તાડી-શરાબ(દારૂ) પીવું ડ્રગ ખાવું, વ્યભિચાર કરવો, જુલ્મ જબરદસ્તી કરવી વગેરે બધી જ બુરાઈઓથી બચો.

**(૨)** સબરનો બીજો પ્રકાર અલ્લાહની ઈબાદત પર સબર કરવો. મતલબ અલ્લાહની ફર્માંબરદારી અને અલ્લાહની ઈબાદત માટે એકદમ તૈયાર રહો, કમર બાંધી લો, ઘણા જ શોખ અને હોંસે હોંસે તમારા રબની ઈબાદત કરો, એમાં જરા પર આળસ ન કરો, એમાં નમાઝ રોઝા, હજ, ઝકાત દરેક પ્રકારની ઈબાદતની ગણના છે.

**(૩)** ત્રીજો પ્રકાર આફત, બલા, મુસીબત પર સબર કરવો. મતલબ કે જ્યારે તમે કોઈ મુસીબતમાં સપડાઈ જાવ તો ગભરાવો નહીં, રડવા પિટવાનુ ન કરો, હતાશ અને બેચૈન બની દિલ નાનું ન કરો, તમારા પરવરદિગારની રહમતથી નાઉમ્મીદ ન બનો, પણ :-

**તુઝ પે જો આએ મુસીબત સબ્ર કર ઔર ખ્યાલ કર**
**સખ્તિયાં કયા કયા હુઈ હૈં અંબિયા કે વાસ્તે**

## ☆ સબરના ફાયદા ☆

**આયત–:** (૧) સબર કરવાવાળા પૂરે પૂરા અને અગણિત અજર પામશે. (સિપારહ–૨૩, રુકૂઅ–૧૬, સૂરએ ઝુમર)

**આયત–:** (૨) અને અલ્લાહ સબર કરવાવાળાઓને દોસ્ત રાખે છે. (સિપારહ–૪, રુકૂઅ–૬, સૂરએ આલે ઈમરાન)

**આયત–:** (૩) અને અમે સબર કરવાવાળાઓને જરૂર અમલથી વધીને અજર આપીશું. (સિપારહ–૧૪, રુકૂઅ ૧૯,સૂ. નહ્લ)

**આયત–:** (૪) ઘણા નાના ગૃપ મોટા ગૃપો પર ગાલિબ થયા અને અલ્લાહ સબર કરનારાઓ સાથે છે. (સિપારહ–૨, રુકૂઅ–૧૭, સૂરએ બકરહ)

**આયત–:** (૫) અને જ્યારે તેમણે સબર કર્યો તો અમે તેમનામાં ઈમામ અને સરદાર બનાવ્યા કે અમારા હુકમોથી હિદાયત કરતા હતા.(સિપારહ–૨૧, રુકૂઅ–૩, સૂરએ–સજદહ)

ઉપરોક્ત પાંચ આયતોમાં અલ્લાહ તઆલાએ સબરના ફાયદા જણાવેલા છે. ઈર્શાદ ફરમાવ્યો, સબર કરવાવાળા અગણિત અજર પામશે. ફર્માવ્યું, સબર કરવાવાળા અલ્લાહના દોસ્ત અને પ્યારા છે. બીજો એક ઈર્શાદ છે કે સબરવાળા એમના અમલથી ઘણો જ વધારે બદલો પામશે. ઈર્શાદ છે, ઘણી નાની જમાઅતો(ગૃપ) મોટી જમાઅતો પર છવાઈ જશે એટલા માટે કે અલ્લાહ સબર કરનારાઓ સાથે છે. આદેશ છે. જ્યારે એમણે સબર કર્યો તો અમે એમને સરદારી આપી, વડા બનાવ્યા જે અમારા હુકમથી હિદાયત કરતા હતા.

**નિચોડ :–** એ કે સબરનો બદલો બેશુમાર છે. સબર કામયાબી અને અલ્લાહની મદદનો સબબ છે. એટલા જ માટે સબર કરનારાઓની નાની જમાઅત છવાઈ ગઈ અને સાબિર લોકોને સરદારી અને વડાપણુ મળ્યું.

મુસલમાનો ! તમારા રબના ઈર્શાદ હૃદયના કાનોથી સાંભળો અને અમલ કરી બંનેવ જગતમાં કામયાબી અને શ્રેષ્ઠતા હાંસલ કરો. વિચાર





તો કરો ! સબર પર બેહિસાબ અજરનો વાયદો છે, સબર પર અલ્લાહની અણધારી મદદનો વાયદો કરેલ છે, સબર પર જીત આપવાનો વાયદો છે, ભલેને પછી તમે ગણતરીના હોય. સબર પર હૂકુમત અને સરદારીની ખુશ ખબરી છે. તેનુ વચન સાચુ છે, એમાં લેશમાત્ર શંકા નથી. જેથી અગર તમે સબર કર્યો તો તમને જરૂર જરૂર કામયાબી છે અને તમારી જીત છે અને તમારા માટે સત્તા છે.

## ☆ ઈસ્લામનું જૌહર ☆

મુસલમાનો ! ખૌફે ઈલાહી, તવક્કુલ, સબર આ તમારું ઈસ્લામી જૌહર (અનમોલ) કિંમતી વસ્તુ હતી અને આજ ઈસ્લામની ખાસિયતોના લઈને તમે દરેક ક્ષેત્રે કામયાબ હતા, તમારામાં ખૌફે ખુદા હતો તો તમારો પરવરદિગાર તમને તમામ જગતથી નીડર કરતો હતો, તમે તમારા રબ પર ભરોસો રાખતા હતા તો તમારો રબ તમને બધી મખ્લૂકથી બેપરવા રાખતો હતો, તમે તમારા રબના હુકમ પર સાબિર હતા તો તમારો રબ તમારી મદદ ફર્માવતો હતો. અલ્લાહની મદદ તમારો જમણો હાથ, અલ્લાહની છુપી મદદ તમારું પીઠબળ હતું. તમારા રબની ગૈરતને તમારી હાર ગવારા ન હતી, એટલા જ માટે ગણતરીના હોય છતાં કામયાબ હતા, બદરની તથા ઓહદની લડાઈઓ તમને જરૂર યાદ હશે, ખૈબર અને હુનૈનને તમે ભૂલ્યા નહીં હોય, મૌતહ અને યરમુકના રણ જેવા હજારો શાનદાર કારનામાં તમારો ઈતિહાસ ઝગારા મારતો અને પ્રકાશિત છે. તમારી ઓછી સંખ્યા, તમારી ગરીબાઈ, તંગદસ્તીએ (ખાલી હાથે) કયારેય તમને નાકામ નથી કર્યા, કડકડતી ભૂખ અને પાણીની તરસે કયારેય તમારા કદમોને આંચકો નથી આપ્યો.

## ☆ કરબલાનું રણ ☆

કરબલાનું મેદાન તમારી સામે છે. હઝરત ઈમામ આલી મકામ અને તેમના સાથી (રદિયલ્લાહો તઆલા અલૈહિમ અજમઈન) ત્રણ દિવસના ભૂખ્યા અને તરસ્યા છે, બલાઓ મુસીબતોનું તુફાન આવે છે, જુલમો, સિતમ જબરદસ્તીની આંધી તુફાન ચાલે છે. સખ્તી અને

બેરહમીના પહાડો તૂટે છે. તેમ છતાં એ બધી જ ભયાનકતા હઝરત ઈમામ આલી મકામ અને એમના સાથીઓના કદમ ડગમગાવી ન શકી. આ અચંબાભરી મજબૂતાઈનું કારણ એ જ હતું કે હઝરત ઈમામ આલી મકામ અને એમના સાથીઓનાં દિલોમાં ખૌફે ખુદાએ બીજા કોઈ ખૌફ, ડર, ભયની જગ્યા બાકી રાખી જ ન હતી, સબર અને તવક્કુલે (ભરોસાએ) એમના બાવડામાં એવી તાકાત અને એવી મજબૂતાઈ આપી જેથી દુનિયા અચંબામાં પડી ગઈ અને આજ અડગતાએ એમને હમેશાં હંમેશનું જીવતદાન આપ્યું, એમની શાન મહાનતા એ છે કે ઈર્શાદ છે કે, ''તેઓ જીવીત છે પરંતું તમને એની સમજ (ત્યાં સુધી તમારી પહોંચ) નથી.'' (પારા–૨, રુકૂઅ–૩, સૂ. બકરહ્)

**કત્લે હુસૈન અસ્લમેં મર્ગે યઝીદ હૈ**
**ઈસ્લામ ઝિંદા હોતા હૈ હર કરબલાકે બાદ**

અલ્લાહના ડરથી જેમનાં દિલો છલોછલ છે, જેમને પોતાના પરવરદિગાર પર પૂરે પૂરો ભરોસો છે, સબર જેમનો ઉસૂલ છે, એમના મરતબા ખ્યાલોની પણ બહાર છે. તઅજ્જુબ અને અચંબાની વાત છે કે એમની મૌત જિંદગી અને એવી જિંદગી જે મનુષ્યની સોચ સમજથી પણ ઉપર ! જેના માટે **(વલા–કિલ્– લા–તશઊરૂન)** ''પરંતુ એ તમારી સમજથી અલગ છે'' ગવાહ છે.

હકીકત એ છે કે તેઓ મુસલમાન હતા અને સહી સાચા મુસલમાન હતા. આજના મુસલમાનોની જેમ સિર્ફ ઝુબાનથી દાવેદાર અને કાગળ પર મુસલમાન ન હતા ! એમનાં અનમોલ દિલ અને એ દિલમાં અનમોલ જઝબાત હતા. તેમણે પોતાનું જિસ્મ, જાન, ઈજ્જત, ધન, દોલત દરેક વસ્તુને અલ્લાહ તબારક વ તઆલા અને એના પ્યારા રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના હવાલે કરી આપ્યાં હતાં, એમની બધી જ ઉમ્મીદો તમન્નાઓ અને ખ્વાહિશોને એમના તાબા અને ફર્માંબરદાર બનાવી દીધી. અને પૂરે પૂરા કુર્આનના આમિલ હતા અને તેને જ પોતાની સહી કામયાબી અને અસલ મકસદ તસવ્વુર કરતા હતા. એમની જિંદગીનો હર પલ અલ્લાહ તબારક વ તઆલા માટે જ વકફ હતો. જિંદગીના રાત દિવસ અલ્લાહ તબારક વ તઆલાની બંદગી માટે નઝર કરી દીધાં હતા.





## ☆ આપણા મહા પુરૂષોને બંદગીનો શોખ ☆

બંદગીનો શોખ એટલી હદે રચી ગયો હતો કે,

**આ ગયા ઐન લળાઈમેં અગર વકતે નમાઝ,**
**કિબ્લા રૂ હોકે ઝમીં બોસ હૂઈ કૌમે હિજાઝ**
**એક હી સફમેં ખળે હો ગએ મેહમૂદો અયાઝ,**
**ન કોઈ બંદા રહા ન કોઈ બંદા નવાઝ.**
**બંદાઓ સાહિબો મોહતાજો ગની એક હુએ,**
**તેરી સરકારમેં પહુંચે તો સભી એક હુએ.**

એમના સીનાઓમાં ઈબાદતનો જઝબો ચિતરાઈ ગઈ હતો, ઝુબાન પર સત્ય અને સચ્ચાઈનો સૂર્ય પ્રકાશિત હતો, જિસ્મની રૂવાંટી અલ્લાહના હુકમની તાબેદાર હતી. દરેક પર અલ્લાહના આદેશનો સિક્કો ચાલતો હતો, બંદગી તો બંદગી છે, આપસનો મેલમિલાપ અને એક બીજા સાથેના મુઆમલાને પણ ઈમાની રોશની અને ઈસ્લામી જઝબાતે ફર્માંબરદારી અને ઈબાદત બનાવી દીધાં હતાં, કોઈ પણ કાર્ય અલ્લાહની યાદથી ખાલી ન હતું. એમના બારામાં કુર્આન ગવાહ છે (તેઓ તો એ મર્દ છે કે વેપાર તથા વહોરવું અને વેચવું પણ એમને અલ્લાહની યાદથી ગાફિલ નહીં કરે. (સૂ.નૂર, પા. ૧૮, રૂ. ૧૧) તે મુસલમાનો મુસલમાનો હતા ! એમનો દરેક માણસ સત્ય અને સચ્ચાઈનો સૂર્ય હતો, ધર્મચુસ્તતા અને ધર્મદારીમાં બેમિસાલ અને બેબદલ (અજોડ) હતો.

**હર મુસલમાન રગે બાતિલ કે લિએ નશ્તર થા,**
**ઉસ્કે આઈનએ હસ્તીમેં અમલ જૌહર થા.**
**જો ભરોસા થા ઉસે કુવ્વતે બાઝૂ પર થા,**
**તુમકો હૈ મૌત કા ડર ઉસ્કો ખુદા કા ડર થા.**

મુસલમાનો ! તેઓ તમારા મહાન પુરૂષો હતા જેમની જિંદગી આ હતી ! તમે તમારી જિંદગી પર વિચાર કરો અને તમારી જિંદગીનું નિરીક્ષણ કરો અને તમારા નફસ સાથે હિસાબ કરો કે તમારી ઝુબાન પર સચ્ચાઈ કયાં સુધી છે ? નિય્યતોમાં કયાં સુધી ઈખ્લાસ છે ? ધર્મદારી અને ધર્મચુસ્તીનો જઝબો કયાં સુધી છે ? મુરવ્વત, ખુદ્દારી, હિમ્મત,

જવાંમર્દી કેટલી ઊંચાઈ પર છે. અલ્લાહનો ડર અને ખૌફ કયા કમાલ પર છે ? અને આ પણ યાદ રાખો સારી પેઠે યાદ રાખો :

**બાપકા ઈલ્મ ન બેટેકો અગર અઝબર હો**
**ફિર પિસર કાબિલે મીરાસે પિદર ક્યૂં કર હો**

મુસલમાનો ! તમને તમારી તબાહી અને બરબાદીની શિકાયત તો જરૂર છે, તમારી ઝિલ્લત, તબાહી, બરબાદી, મુસીબત પર રડી કકડીને ફરિયાદ તો જરૂર કરો છો, તમને અચંબો છે ! અને દુનિયા વિચારમાં પડી છે કે મુસલમાન એક ઘણી જ મહાન કૌમ જેણે ઈન્સાનિયતનો મરતબો મહાન કર્યો, જેમનો ઈતિહાસ ઘણો જ ચમકદાર, આજે તે કૌમ આટલી નીચી કેમ ?! હા ! તો થોડી વાર માટે તમે તમારી જિંદગીને તમારા મહાપુરૂષોની જિંદગી સાથે સરખામણી કરી જાુઓ ! ઈન્સાફ અને સત્યના અજવાળે જોશો તો તમને જાણ થઈ જશે કે તમારામાં તે સદગુણો બાકી જ નથી જેના લઈને તમારા મહાપુરૂષો કામયાબ હતા, એ સર્વે ગુણો તમારામાંથી ચાલ્યા ગયા જેના લીધે તેઓ મહાન હતા, તેઓ જે કાંઈ કરતા હતા તે અલ્લાહ તબારક વ તઆલા અને તેના પ્યારા હબીબ( સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ) માટે જ કરતા હતા, તેમનું દરેક કામ અલ્લાહ અને તેના પ્યારા રસૂલ માટે હતું, તેઓ ઈમાનદારી અને સચ્ચાઈના પયકર હતા, બીજા માટે ત્યાગભાવના અને નિઃસ્વાર્થપણાનુ પૂતળુ હતા. સખાવત અને બહાદુરી એમના લોહીમાં ભરેલી હતી. આજે તમે છો ! કે એશ આરામમાં મોટુ જિસ્મ (બદન) કરવું આપણી આદત બની ગઈ છે !

**હર કોઈ મસ્તે મએ ઝૌકે તન આસાની હૈ,**
**હૈદરી ફિક્ર હૈ ન દૌલતે ઉષ્માની હૈ.**
**તુમ મુસલમાં હો ? યે અંદાઝે મુસલમાની હૈ !**
**તુમકો અસ્લાફ સે કયા નિસ્બતે રૂહાની હૈ**
**વો ઝમાને મેં મોઅઝ્ઝઝ્ થે મુસલમાં હોકર,**
**ઔર તુમ ખ્વાર હુએ તારિકે કુર્આં હોકર.**

મુસલમાનો ! અગર તમે ઈજ્જત અને રૂઆબની ઢુંઢમાં છો અને સહીહ કામયાબી અને મહાનતાની ઈચ્છા છે, ચૈન સુકૂનની જિંદગી જોઈએ છે તો તરત જ તમારી હાલત અને આદત બદલી નાખો અને





તમારા કેન્દ્ર પર આવી જાઓ અને તમારા ઠેકાણા પર સ્થગિત રહો.

## ☆ મુસલમાનોનું ઠેકાણું ☆

તમારું ઠેકાણું તો એ છે કે તમે કુર્આનના એહકામોનું પાલન કરો, અલ્લાહ અને તેના પ્યારા રસૂલ (જલ્લ જલાલુહુ–વ–સલ્લલ્લાહો અલૈહિ વ સલ્લમ)ના ફર્માંબરદાર બનો ! તમારા મહાપુરૂષોની પગદંડી પર ચાલો, તમારા સિનામાં ઈમાની પ્રકાશ, ઈસ્લામી જોશ અને અલ્લાહ વ રસૂલ (જલ્લ–જલાલુહુ–વ–સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ની સાચી મહોબ્બત પેદા કરો, અલ્લાહનો ડર અને સબર, તવક્કુલ (ભરોસા)ની લાઝવાલ દૌલતથી તમારા સીનાંઓને ધનવાન કરો. અમલના પુતળાં બનો અને તેમાં નિખાલસતા રાખો, એટલે કે જે કંઈ કામ કરો અલ્લાહ તબારક વ તઆલા અને તેના પ્યારા રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ખુશી માટે જ કરો, એ જ તમારું ઠેકાણું છે, એના પર જ સ્થગિત રહેવામાં ચૈન સુકૂન છે. ઈજ્જત, શૌકત, મહાનતા અને સરદારી છે. તમારું જાહેર ગમે તેવું હોય, ગમે તેવા ગરીબ, મુફલિસ અથવા કમઝોર, દુબળા, પાતળા, બેબસ, બેકસ, મજબૂર અને બેસહારા હોઉ પણ જો તમે તમારા કેન્દ્ર (મરકઝ) પર રહેશો અને મજબૂતીની સાથે અડીખમ રહેશો તો તમે કામયાબ થશો અને જરૂર જરૂર તમારી જીત થશે. તમારા પરવરદિગારના વાયદામાં કાંઈ જ શંકા નથી.

મુસલમાનો ! તમારી આ ચાલ ઘણી જ ખતરનાક છે કે તમે મખ્લૂક (દુનિયાના લોકો)થી ડરો છો ! તદબીર કરો, કોશિશ કરો પણ ભરોસો તમારા પરવરદિગાર પર જ રાખો અને યકીન રાખો કે તમારી તદબીર અને કોશિશ તમને કામયાબ નથી કરી શકતી, કોશિશ અને તદબીર એક ઝરીયો અને સબબ છે. કામયાબી તો અલ્લાહ તબારક વ તઆલાના ઈખ્તિયારમાં છે. કામયાબ કરવાવાળો તે જ રબ છે.

## ☆ મુસલમાનનો ધ્યેય ☆

મુસલમાનો ! તમારા ધરતી પર આવવાનો ધ્યેય અને મકસદ અલ્લાહ તબારક વ તઆલાની ઈબાદત છે. તમારા રબનું ફર્માન છે, અર્થ :મેં ઈન્સાન તથા જિનને સિર્ફ મારી બંદગી કરવા માટે પૈદા કરેલા છે. (પા. ૨૭, રુ. ૨, સૂ. ઝારિયાત) મુસલમાનો ! જ્યાં સુધી તમે તમારા વતનમાં તમારા રબની

બંદગી માટે આઝાદ છો, તમારા મકસદ(હેતુ)માં કામયાબ છો. આવી હાલતમાં ક્યાં પણ હિજરત કરવાની જરૂર નથી. અને અગર ખુદા ન કરે ને તમને તમારો પરવરદિગારની બંદગીથી રોકવામાં આવે, અને તમે તમારો આ મકસદ પૂરો કરવા બાબત મજબૂર થઈ જાઓ તો આવી સૂરત (હાલત)માં તમારી પહોંચ તાકાતના આધારે હિજરત કરવી જરૂરી છે. અને તે સિર્ફ અલ્લાહની યાદ અને બંદગી પૂરતી જ જરૂરી છે. જેમાં કોઈ ખાસ ધરતી કે દેશ હોવા જરૂરી નથી. જ્યાં પણ તમને અમન શાંતિ મળે અને ત્યાં સુકૂનની સાથે તમારા પરવરદિગારની યાદ કરી શકતા હોઉ ત્યાં પહોંચી તમારા પરવરદિગારની ઈબાદત કરો, અને તે પછી જંગલ કે પહાડી વિસ્તાર કેમ ના હોય ! એટલા માટે કે :–

**મસ્ત જો જામ ઉઠા લે વહી પૈમાના બને,**
**જિસ જગહ બૈઠ કે પીલે વહી મૈખાના બને.**

જો તમને તમારા રબ પર તવક્કુલ છે અને તે રોજી આપવાવાળો છે તેના પર ઈમાન છે તો તે જરૂર તમારી દરેક હાજતો પૂરી કરશે, અને તમને અણધારી (ગૈબ) થી રોજી આપશે.

મુસલમાનો ! તમારો રબ તે જ છે જેણે અસ્હાબે કહફને પહાડની ગુફામાં ત્રણસો નવ (૩૦૯) વર્ષ સુધી આરામની નિંદરમાં રાખ્યા, આંખ જે સમયે ખુલી તો બોલી ઉઠયા, આજે દિવસ ગયો સૂતા જ રહી ગયા ! ત્યાર બાદ એમની જરૂરિયાત માટે શહેર તરફ ગયા ત્યારે ખબર પડી કે કેટલાં વર્ષો પસાર થઈ ગયાં છે ! હવે ન તો દકયાનુસ છે અને ન તેની જાલિમ હુકૂમત ! બધો નકશો જ બદલાઈ ગયો છે ! ત્યાર પછી એમની જરૂરિયાત પૂરી કર્યા બાદ સૂતા અને હવે તેઓ સિર્ફ જન્નતમાં જવા માટે ઉઠશે. અસ્હાબે કહફ તે જ મુસલમાન છે જેમણે પોતાના પરવરદિગારની ઈબાદત ખાતર પોતાનું વતન છોડયું અને પહાડની ગુફામાં ચાલ્યા ગયા, એમનું આ વતન છોડવું સિર્ફ એમના રબ માટે જ હતું એટલા માટે અલ્લાહ તઆલાએ તેઓને એની રહમતના છાયડામાં લઈ લીધા અને પોતાની ભરપુર કુદરતથી તેમની પૂરી હિફાઝત કરી અને આખા જગતથી તેમને બેપરવા કરી નાખ્યા. તેઓ તો સર્વશ્રેષ્ઠ મખ્લૂક ઈન્સાન હતા પણ કૂતરો જેણે તેમને સાથ આપ્યો અને આ સારા કાર્યમાં તેમની સાથે રહયો તે પણ અલ્લાહની બારગાહમાં ચહીતો





બન્યો અને તેને પણ તેમનો સાથી હોવાનો મર્તબો મળ્યો. અસ્હાબે કહફ અને તેમના કૂતરાનો પૂરો કિસ્સો કુર્આન મજીદ સૂરએ કહફમાં મૌજૂદ છે. મુસલમાનો ઈબ્રત હાંસલ કરો !!!

મુસલમાનો ! તે જ તમારો રબ છે જેણે પોતાના ખલીલ (દોસ્ત) હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) પર નમરૂદની આગ ઠંડી કરી આપી હતી અને તે મહાન આગની ખીણને બાગ બનાવી દીધો જે આગની જ્વાળાઓ માઈલો સુધી ગરમી ફેલાવતી હતી. આટલી મોટી આગની ખીણ હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની રૂંવાટીને પણ તકલીફ ન પહોંચાડી શકી ! નમરૂદ બાદશાહ અને તેના લશ્કરની બધી જ કોશિશ નિષ્ફળ રહી અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ખલીલુલ્લાહ કામયાબ થયા. કુર્આનમાં આ કિસ્સો મૌજૂદ છે.

મુસલમાનો ! તમારો પરવરદિગાર તે જ છે જેણે અબ્રહા બાદશાહ જાલિમના એક ખુંખાર લશ્કરને જેની પાસે ઘણા જ તાકતવર અને કદાવર હાથી હતા તેમને નાના નાના પક્ષીઓથી હલાક કરી આપ્યા, અબાબીલોએ એમની ચાંચ અને પંજાથી તે લશ્કર પર કાંકરીઓ વરસાવી તો તે બધું જ લશ્કર કચડાઈને છિન્ન ભિન્ન થઈ થયું અને તે નાના નાના કાંકરાએ મોટી મોટી ટોપોનું કામ કર્યું !

મુસલમાનો ! તમારો રબ તે જ છે જેણે પોતાના કલીમ હઝરત મૂસા (અલયહિસ્સલામ)ની પરવરિશ એમના દુશ્મન ફિરઓનને ત્યાં કરાવી, ત્યાં સુધી કે ફિરઓનને જયોતિષોએ ખબર આપી હતી કે બની ઈસરાઈલનો એક બાળક ફિરઓન અને તેની બાદશાહતને બરબાદ કરશે. તેના લઈને ફિરઓન બધા બની ઈસરાઈલના બાળકોને કતલ કરી નાખતો હતો, કોઈ એકને પણ જીવંત ન રાખતો, તેમ છતાં તમારા પરવરદિગારે તે જ ફિરઓનથી હઝરત મૂસા (અલયહિસ્સલામ)ની હિફાઝત કરાવી. કુર્આન મજીદમાં આ કિસ્સો વિસ્તારથી મૌજૂદ છે.

આવા ઘણા જ વાક્યા અને કિસ્સાઓથી જગતનો ઈતિહાસ ભરપુર છે. અર્થ :– હે આંખવાળાઓ ! ઈબ્રત પકડો જેથી કામયાબ બનો ! (સિપારા–૨૮, રૂકૂઅ–૪, સૂરએ અલહશ્ર)

વસ્સલ્લલ્લાહો–તઆલા–અલા–ખયરે–ખલ્કિહી–સૈય્યેદેના મોહંમ્મદિંવ્–વ–આલેહી–વ–અસ્હાબિહી–અજમઈન. આમીન

## અવશ્ય વસાવો !
## ગુજરાતીમાં અજોડ કિતાબ !

**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ (વાગરાવાળા)ની ઈન્કિલાબી કલમથી આલેખાયેલ કિતાબ તોહફાએ નજાત** જેના નીચે પ્રમાણેના ભાગો ઉપલબ્ધ છે :–

### તોહફાએ નજાત (ભાગ–૨)

(હદિયો રૂા. ૨૦/–) (પેજીસ–૧૯૨)

જેમાં પત્નીના હક્કો, મા–બાપના હક્કો, આલમે બરઝખના ભયાનક અઝાબો, દોઝખની ભયંકર બર્બાદીઓ વિશે વિગતે વર્ણન છે.

### તોહફાએ નજાત (ભાગ–૩)

(હદિયો રૂા. ૨૫/–) (પેજીસ–૨૬૦)

જેમાં નમાઝ બુરાઈઓથી રોકે છે, નમાઝ છોડનાર પર થતા અઝાબ, બુઝુર્ગોની નમાઝ, જિંદગીનો મકસદ, શૈતાનનો ભયાનક હુમલો, દોઝખીઓની કરૂણ દશા, ગુનોહ વબાલ છે....વગેરે વર્ણન છે.

### તોહફાએ નજાત (ભાગ–૫)

(હદિયો રૂા. ૫૦/–) (પેજીસ–૩૧૨)

હુઝૂર (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ની શાનમાં ઈમાન અફરોઝ પ્રકરણો જેમ કે હુઝૂર કાયનાતની પ્રથમ મખ્લૂક, અલ્લાહનુ શ્રેષ્ઠ ઈનામ, સલામો કયામની સાબિતી, નૂરી બશર, મીલાદુન્નબીની સાબિતી.... વગેરેનું મુદલ્લલ બયાન છે.

### ☆ વિનંતી ☆

હે લોકો ! ઈસ્લામને વાંચો ! અને તેના પર જ અમલ કરો. તેમાં જ બંને જહાનનું ચૈન છે. નહીં તો ગમે તેટલાં ફાંફાં ટી.વી. પર કે રમતોમાં મારશો પણ દુનિયામાં કયાંય ચૈન મળશે નહીં, ઔલાદ પણ આવારા ન બને માટે તેમને પણ વંચાવો. ઘરોમાં તીજોરી તો રાખો છો ! કિતાબોનો કબાટ પણ રાખો !

**કિતાબો માટે પ્રકાશકના સરનામે M.O. કરવો.**



## પેશે લફ્ઝ

અઝ : હઝરત અલ્લામાં અબ્દુલમુબીન નો'માની (મદઝિલ્લહુલ્ આલી)

હુઝૂર હાફિઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી (અલૈહિર્રહ્‌મતુ વર્રિદ્‌વાન) બાની અલ્ જામિઅતુલ અશ્‌રફિયહ્ (અરબી યુનિ.) મુબારકપૂર હિ.સ. ૧૩૧૨, ઈ.સ. ૧૮૯૪ મેં કસ્બા ભોજપૂર મુરાદાબાદમેં પૈદા હુએ ઔર યક્કુમ જમાદિલ આખર હિ.સ. ૧૩૯૬, ઈ.સ. ૧૯૭૬ મેં બમુકામ મુબારકપૂર ઈસ દારે ફાનીસે કૂચ કર ગએ. આનેવાલે બહોંતસે આએ ઔર આતે રહેંગે, મગર ઐસે આનેવાલે બહોત કમ હોતે હૈં કે જાનેકે બાદ ભી ઉનકી યાદ લોગોંકે દિલોં પર સિક્કા જમાએ રહે. હુઝૂર હાફિઝે મિલ્લત ઉન્હીં પાકબાઝ વ પારસા ઔર અહદસાઝ વ ઈન્કિલાબ આફરીં શખ્સિયતોંમેંસે એક હૈં જિન્હેં દુન્યા કભી ન ભૂલેગી.

આપને સરઝમીને મુબારકપૂર પર ઈલ્મો ફનકા જો શહરિસ્તાન બસાયા હે ઔર ઈલ્મે દીને મુસ્તફાકા જો મઝબૂત કિલ્આ તા'મીર કિયા હૈ, યકીનન્ વો આપ હી કા હિસ્સા હૈ ઔર મુલ્ક વ બૈરૂને મુલ્ક મઝહબે હક્ક અહલે સુન્નત વ જમાઅતકી તબ્લીગો ઈશાઅતમેં આપકે તલામેઝાને જો નુમાયા કિરદાર અદા કિયા હૈ, ઉસ્કી મિષાલ ઈસ જદીદ હિંદુસ્તાનમેં નહીં પેશ કી જા સકતી. ઈસ ખુસૂસમેં તારીખને હાફિઝે મિલ્લતકો જો એઅ્ઝાઝ બખ્શા હૈ વો બિલા શુબ્હા સબ પર ભારી હૈ.

ઝેરે નઝર કિતાબ **''ઈર્શાદુલ્ કુર્આન''** ઉસી મુઅક્કરો મુહ્‌તશિમ શખ્સિયતકી ઈમાન અફરોઝ તેહરીરકા એક નમૂના હૈ જિસને ઈ.સ. ૧૯૪૭ કે હંગામાએ તર્કે વતનમેં મુસલમાનાને હિંદકો ઈસ્તિકામત વ પામર્દી બખ્શી ઔર યે સબક દિયા :–

**હર મુલ્ક મુલ્કે માસ્ત કે મુલ્કે ખુદાએ માસ્ત**

**–મુહંમદ અબ્દુલમુબીન નો'માની**

(ફાઝિલે અશ્‌રફિયહ્) ખાદિમે દારુલ ઉલૂમ કાદરિયહ–ચિરૈયા કોટ

(૨૭–૨૪બ, હિ.સ. ૧૪૦૭)